છવારા ખંભાતી કડીયાની
ન્યાતના કાયદા.

સમસ્ત પંચ તરફથી છપાવી પ્રસીદ્ધ કરનાર.

શેઠ કીરપારામ ભાઇચંદ.

સંવત ૧૯૬૮. સને ૧૯૧૨.

સુરત ધી " રાંદેર " પ્રીન્ટીંગ પ્રેસમાં
રતિલાલ દુર્લભદાસે છાપ્યાં.

છવારા ખંભાતી કડીયાની
ન્યાતના કાયદા.

સમસ્ત પંચ તરફથી છપાવી પ્રસીદ્ધ કરનાર.

શેઠ કીરપારામ ભાઇચંદ.

સંવત ૧૯૬૮.   સને ૧૯૧૨.

સુરત ધી " રાંદેર " પ્રીન્ટીંગ પ્રેસમાં
રતિલાલ દુર્લભદાસે છાપ્યાં.

દોહરો.

વંદુ વિશ્વંભર સદા, સત ચિદ આનંદ રૂપ,
જગ કારણ પાળણ સદા, આદ અંત અનંત સ્વરૂપ.
બંધુ સર્વ સ્વજ્ઞાતીનાને, આપી અનંત મત શૂભ,
સ્નેહ ઉપજાવો પરસ્પરે, ચૌદ ભોવનના ભૂપ.
અન ભય સર્વેને પરહરી, હરી ભય અનંત ઉદ્ધાર,
અન્યાય દિકને દઇ તજી, ન્યાય ચહે મનસાર.
ક્લેશ સર્વ જેથી ટળે, ને મનનો મટે ઉચ્ચાટ,
સાધન સર્વેને દીજીએ, વિશ્વંભર વિખ્યાત.



સુચના.

સ્વજ્ઞાતિ બંધુજણો આ ચોપડી છપાવવાથી ધર્મ, દ્રવ્ય, ક્લેશ અને ભુલચુક એ ચારનો બચાવ થય છે. એ મહા મોટા લાભો થાય છે. એનું વિસ્તારથી વિવેચન કરતાં ઘણું લંબાણુ થાય તેથી ટુંકાણુમાં લખી જણાવવામાં આવે છે. ધર્મનો લાભ એ છે જે આપણે કાયદા વીષે અંજાણુ હોવાથી ફેરફાર ક્રીયા શાસ્ત્રના વિરૂદ્ધ કરીએ છીએ તે થાય નહીં.

દ્રવ્યનો લાભ એ છે જે કાયદા વીષે અંજાણુ હોવાથી નહીં કરવા યોગ્ય કામ કરીએ તો દ્રવ્યનો ખોટો ખર્ચ થાય તે થાય નહીં અથવા અઘટિત દંડ આપવા પડે તે અપાય નહીં.

ક્લેશનો લાભ એ છે જે કાયદા વીષે અંજાણુ હોવાથી ખોટા ઈનસાફ કરવાથી, દરેકને ઈર્ષા વધે છે. અને મનને ક્લેશ થાય છે તે થાય નહી.

ભુલચુકનો લાભ એ છે જે કાયદા વીષે અંજાણુ હોવાથી ભ્રાંતી રહે છે તે રહે નહીં તો ભુલચુક થાય નહીં.

ભુલચુક શાથી થાય છે જે કાયદાના અંજાણુપણે થાય છે. માટે કાયદાનું જ્ઞાન થવાને વિદ્યાઅભ્યાસ કરવો જોઈએ અને પોતાની મૂર્ખતા દૂર થવી જોઈએ.

મૂર્ખતા મટાડવાને દરેક મનુષ્યે પ્રયત્ન કરવું જોઈએ. કારણકે શાસ્ત્રમાં મૂર્ખ મનુષ્યને ઝાડ, પહાડ, પશુ, પક્ષી એ

સર્વેથી નીચ પંક્તિએ ગણેલો છે. તેનું પ્રમાણ એ છે જે એક વખતે પૃથ્વિએ બ્રહ્માજી પાસે પોતાના દુઃખની બાબત દર્શાવી છે.

અર્થઃ—મારા ઉપર શિખરો સહિત પર્વતો છે તેમજ સમુદ્રો, નદીઓ, અઢાર ભાર વનસ્પતિઓ (વૃક્ષો) અને પશુ પક્ષીઓ એ સર્વેનો મને ભાર લાગતો નથી. પણ એક મૂર્ખ મનુષ્ય મારા ઉપર ચાલે છે તેની મને મહા પીડા થાય છે.

મૂર્ખતા એ છે જે, સત્ય અને અસત્યને, ન્યાય અને અન્યાયને, આત્મા અને પરમાત્માના સ્વરૂપ લક્ષણને નહીં જાણવું તે.

મૂર્ખતા, સતસંગ કરવાથી સત શાસ્ત્રો વીચારવાથી અને વિદ્યાઅભ્યાસ કરવાથી મટે છે.

વળી દરેક માણસે યાદ રાખવું કે કાયદા જાણીને જૂઠું બોલવું નહીં. જૂઠું બોલવાથી, જૂઠા મતને ઉત્તેજન આપવાથી શું દોષ થાય છે? તે વિશે સ્મૃતિ પ્રમાણઃ—

॥ नानृतात्पातकं परं ॥

અર્થઃ—અસત્ય બોલવાથી બીજું કોઇ પણ મોટું પાપ નથી. (ભાવાર્થઃ—) બ્રહ્મહત્યા ગૌહત્યા આદિથી મોટું પાપ અસત્ય બોલવાથી થાય છે.

માટે બંધુજનો આવું અસત્ય બોલવાથી જે પાપો થાય છે તેનાથી દૂર રહેવાને માટે કદીપણ જુઠું બોલવું નહીં. અને દરેક માણસને પક્ષપાત રહિત સાચું બોલીને કાયદાઓ ધ્યાનમાં લઇને ન્યાય આપવો.

આપની ન્યાતની ઉત્પાતિ.

ફરશુરામે જયારે પૃથ્વિ નક્ષત્રી કરી ત્યારે તેમના ભયે કરીને નવક્ષત્રી ભાઈઓએ પોતાની ક્ષત્રીની જાતી છૂપાવી જુદા જુદા ધંધા કરી બતાવ્યા જેઓના નામો, શાખાઓ, ગોત્ર અને કુળદેવી નીચે પ્રમાણે લખેલા છે.

નામ	સાખા	ગોત્ર	કુળદેવી
કુંવારપાળ	સોલંકી	ચવલેશ્વર	ચામુંડા
તેજપાળ	પરમાર	વશિષ્ટ	,,
શંશેપાળ	રાઠોડ	ગૌતમ	,,
હરપાળ	ઝાલોરા	મારકંડ	,,
વજેપાળ	જાદવ	પારાશર	,,
અદેપાળ	ચૌહાણ	મારકંડ	,,
ધનપાળ	ઘોએલ	કવલેશ્વર	,,
રાજપાળ	મકવાણા	ભારદ્વાજ	,,
અજેપાળ	ચાવડા	પલોશ	,,

ઉપર લખેલા નવમાંથી છઠા ભાઇએ છોવારાનું કામ કર્યું એટલે છોલાણાનું કામ કર્યું તે ઉપરથી કડીઆ કહેવાયા.

ઉપર લખેલા નવે ભાઇઓના વંશની કન્યાઓ વર્ણાય છે.

ખંભાતી કડીઆની ન્યાતના કાયદા.

સગાઇ બાબતના કાયદા.

૧ સગાઇ કરવાની રીત એ છે જે માંગુ કન્યાવાલા તરફથી પહેલું જાય છે સગાઇ કરવાની ઠરે છે ત્યારે ચાંલ્લા વરને ઘેર થાય પ્રથમ ચાંલ્લો વરને કરે છે તે વખતે ન્યાત ગોરને બોલાવે છે ખાંડ શેર સવા વર તરફની તથા ખાંડ શેર સવા કન્યા તરફની લાવે છે ને શેર સવા ગોર લે છે ને શેર સવા ન્યાતમાં ચપટી ચપટી વેહેંચે છે.

૨ સગાઇ મેળવતી વખતે બ્યાનામાં કાંઇ આપતા નથી ને બહારગામવાલો કન્યાનો બાપ રૂ. ૧) વરને આપે છે

૩ કન્યાના જન્મથી તે વરશ ૫-૭-૯ અને ૧૫ વરશ ની ઉમ્મર થાય તે વખતે તો લગ્ન કર્યા વિના ચાલે નહી.

૪ છોકરીનો બાપ હાજર હોય ને તે પોતાના બાપ મા અને ભાઇઓમાં એકઠો રહેતો હોય તો છોકરીની સગાઇ સર્વેની સલાહથી કરે છે તેથી જુદો રહેતો હોય સો છોકરીનો બાપ કરે છે ને છોકરીનો બાપ નહીં હોય તો છોકરીની મા અને મા નહીં હોય તો છોકરીનો ભાઇ અને છોકરીનો ભાઇ નહીં હોય તો છોકરીનો જે કોઇ વાલી હોય તે કરી શકે છે ને છોકરાની સગાઇ પણ ઉપર મુજબ થાય છે.

૫ છોકરીનો બાપ નહીં હોય ત્યારે ઉપર લખેલા

પ્રમાણે મા વીગેરે બીજા સગા મુખત્યાર છે ને એકઠી રહેતી હોય તો સર્વેની સલાહથી સગાઇ કરે.

૬ કોઇ વીધવા બાઇએ પોતાની છોકરીની સગાઇ જુદા પણામાં કરી હોય તે કોઇથી તુટી શકતી નથી પણ એકઠી રહેતી હોય તો સર્વેની સલાહથી કરે.

૭ આપની ન્યાતમાં સાટું કરવાનો ચાલ નથી.

૮ આપની ન્યાતમાં સગાઇ થયા પછી કન્યાને દીવાળી વીગેરે મોટા અવસરે સાસરીઆ તેડું કરે છે ત્યારે સાસરે જાય છે.

૯ સગાઈ થયા પછી વરને વરશમાં દીન ત્રણ જમવા સારૂ તેડે છે.

૧૦ સગાઇ ફોક કરવાનો ચાલ એ રીતે છે જે વર વાળો અથવા કન્યાવાળો જે ફોક કરવા ચાહે તો તે ન્યાતમાં ગુનેહગારી રૂા. ૨૫ાા અંકે સાડીપચીશ ન્યાતમાં આપે ત્યારે સગાઇ ફોક થાય છે.

૧૧ કોઇ સગાઇ તોડે તેનું કારણ તો કદાપી બન્ને વહેવાઇઓને માંહોમાંહી લડાઇ થાય ને ન બને તો લગ્ન નકી કરવાનું મુહુર્ત બે વહેવાઇઓ પુછવા જાય તે દીવસ સુધી તુટી શકે. મુહુર્ત પુછાવ્યા પછી તુટે નહીં.

૧૨ અમારી ન્યાતમાં સગાઇ તોડવાનો ચાલ છે એટલે કાંઇ પણ કારણ બતાવ્યા શીવાય તોડી શકે છે.

૧૩ છોકરીના વિવાહ કરવા તેમાં છોકરાની ઉમ્મર છોકરી કરતાં ૪થી ૫) ચારથી પાંચ વરસ મોટી હોવી જોઇએ. એવી ગોરે ખત્રી કરી શેઠને ખબર આપ્યા પછી સગાઇના ચાંલ્લા કરવા.

પલ્લા બાબતના કાયદા.

૧ પલ્લુ ઓછામાં ઓછું રૂ૨૦) અંકે વીશ સુધીનું કરે.

૨ અમારી ન્યાતમાં રીતભાત આપવાનો ચાલ નથી.

૩ લગ્ન થયા પહેલાં પલ્લુ આપવામાં આવે છે.

૪ કોઇ શખ્સની ઉમ્મર ઘણી મોટી હોય ને તેને દીકરા પણ હોય ને તે શખ્સ ફરીથી પરણે છે પણ પલ્લું તો ન્યાતના ધારા પ્રમાણેજ લે છે.

૫ છોકરી ,અપંગ હોય અથવા કાંઇ દોષવાળી હોય તો તેના માબાપ ખુશીથી વગર પલ્લે પણ પરણાવી શકે.

૬ પલ્લું જે દહાડેથી બૈરીને આપે તે દહાડેથી બૈરી પાસેજ રહેછે.

૭ પરણ્યા પહેલાં અથવા પરણ્યા પછી જે કાંઇ માલ ધણીના ઘેરથી મળે તે ઉપર ધણીનો હક છે. અને બૈરીને તેના બાપના ઘેરથી અથવા મોશાળથી જે કાંઈ મળે તે ઉપર બૈરીનો હક છે.

૮ પહેરવા સારૂં લોક અથવા ધણી ઘરેણું આપે તે પલ્લામાં ગણાતું નથી.

૯ જે પલ્લુ બૈરીને આપેલું છે, તે ધણીની મરજી વિના કોઇને આપી શકતી નથી. અથવા સાવકી મા પોતાના છોકરાની મરજી વિના ખરચી શકતી નથી. પણ સાવકીને ભરણપોષણ નહીં મળતું હોય તો ખરચી શકે છે. તેમાં કોઇનો અટકાવ ચાલી શકતો નથી.

૧૦ બૈરીની પાસેથી ધણી જબરજસ્તીથી પલ્લું લઇ શકતો નથી. એમ કરતાં કોઇ લે તો ન્યાતમાં ગુનેહગારી રૂ૫) અંકે પાંચ આપે.

૧૧ બૈરીની પાસેથી કાંઇ વ્યાજબી કારણે પલ્લું ખરચ કરવામાં લઇ શકે છે. બૈરી રાજી થઇને આપે ને તેમ લેતો પાછું આપે.

૧૨ આપની ન્યાતમાં પલ્લું શાહુકારને ઘેર મુકવાનો ચાલ નથી.

૧૩ આપની ન્યાતમાં પલ્લાના અવેજમાં ઘર લખી આપવાનો ચાલ નથી.

૧૪ આપની ન્યાતમાં બૈરી ફારગતી આપી શકતી નથી પણ ધણી બૈરીને ફારગતી આપે છે. ત્યારે રૂ ૪૦) અંકે ચાળીશ બૈરીને આપે છે. અને રૂા. ૫૧) અંકે એકાવન ન્યાતવાળા લે છે. અને જે ધણીનું પલ્લું વિગેરે કાંઈ હોય તે ધણીને પાછુ સોંપવામાં આવે છે.

૧૫ આપની ન્યાતમાં ધણી મરી જાય છે ત્યારે પલ્લું પાછું આપે છે તેમાં મુદતનો કાંઈ ધારો નથી ઉઠમણા વખતે પાછું આપે છે.

૧૬ ધણીઅણી મરી જાય ને મરનારીને છોકરી હોય ત્યારે તે છોકરીને સારૂ મોશાળીઆ કાંઇ રાખી શકતા નથી ને તે છોકરીનો કારવહેવાર તો તેના વાલી કરી શકે છે.

૧૭ આપની ન્યાતમાં ખાવાના રૂપીઆ આપવાનો ચાલ નથી.

૧૮ વરને ગજવે રૂપીઆ આપવાનો ચાલ નથી

૧૯ સગાઇ કરતી વખતે તેમજ લગ્ન વખતે પહેરામની આપવનો ચાલ નથી. ગોરવને દીવસે રૂ. ૧) આપે છે વરને તે પાછો લેવાનો ચાલ નથી.

લગ્ન વિષેના કાયદા.

૧ કન્યાની ઉમર વરસ ૫-૭-૯ અને ૧૫ની થાય ત્યારે સગાઇ કરેલી કન્યાના લગ્ન કર્યા વિના ચાલે નહીં.

૨ જયારે લગ્ન થાય છે તે દીવસે ચાલ્લાં કરનારાને અને વહેવારવાળાને કંસાર, ખુરૂ ને છુટું ઘી જમાડે છે અને લગ્ન થઇ રહ્યા પછી રાત્રે પંચોળામાં પણ કંસાર, ખુરૂ, અને છુટું ઘી જમાડે છે. તેમાં જમણ બન્ને વખતે બીજા કોઇને આપે નહીં. શોકવાળાને ત્યાં અને છોકરાનાં સાસરીઆને ત્યાં ધણીની મરજી પ્રમાણે જમણ ચાંલ્લા વહેવારમાં આપે.

૩ વરકન્યા વિદાય થાય તે દીવસે વરવળા સુખડી કરાવે છે, પંચની વાડીમાં ત્યારે હાજર હોય તેને સોપારીઓ આપે છે.

૪ એક બૈરી જીવતી હોય ને બીજી બૈરી કરે તો પહેલી બૈરીનું પલ્લું તે બૈરીની પાસે રહે ને તેનું ભરણ પોષણ તેનો ધણી પુરૂં કરે અને ન્યાતમા રૂા. ૧૦) અંકે દશ રૂપીઆ એકપર બીજી કરે તેની ગુનેહગારીના આપે,

૫ કોઇ માણુસ બીજી વખતે પરણે તો તે ન્યાતી ભોજણ કરાવે નહી બીજો વહીવટ કરે.

૬ એક બાપના છોકરા હોય ને પંદર દીવસની મુદતમાં બે મુહુર્તે પરણે શહેરમાં અથવા બહારગામ તો પણ ન્યાતી જમણ એકજ વાર કરે.

૭ પહેલી બૈરી ઉપર બીજી બૈરી કરે ત્યારે પહેલી બૈરીને રાજી કરવાને કાંઈ આપવુ પડતું નથી ઉપર લખ્યા પ્રમાણે અન્ન વસ્ત્ર પુરૂં કરે.

૮ પહેલી બૈરી પોતાના ધણીને બીજી બૈરી કરવાનું ના કહી શકતી નથી બીજી બૈરી કરવાનું કારણ તો એ છે જે પોતાની ખુશીમાં આવે ત્યારે અથવા છોકરા ના થતા હોય ત્યારે કરે છે.

૯ શ્રીમંત જે બૈરીનુ આવે છે ત્યારે મોશાળુ કરવાનો ચાલ એ છે જે લુગડાં છાબમાં મુકીને મોશાળું કરે છે મળે તો કરે અને પૈસા ના હોય તો ના કરે મોશાળું કરવાનું મુકરર નથી પોતાની શકતી પ્રમાણે કરવું હોય તે કરે.

૧૦ જયારે મોશાળુ શ્રીમંત વખતે કરે ત્યારે જમાઇને રૂ ૫) અંકે પાંચ ઓછામાં ઓછા આપે.

૧૧ છોકરી મોટી થયા પછી સાસરે જાય છે ને સાસરીઆ પીએર જવા દે છે ને સાસરે જવામાં પીએરીઆ અટકાવ કરી શકતા નથી સાસરે જવામાં પીએરીઆ અટકાવ કરે તો ન્યાતમાં રૂ ૫) અંકે પાંચ દંડ આપે.

૧૨ કોઈ બૈરીની મા જીવતી હોય અથવા મરી ગઈ હોય ત્યારે પીએરીઆ અથવા સાસરીઆ મોશાળ જવા દેવામાં અટકાવ કરી શકતા નથી.

ફારગતી આપવા વીષે.

૧ પંચની રૂબરૂ ફારગતી ધણીથી અપાય છે.

૨ કાંઇંક પણ કારણ વિના ધણી બૈરાને ફારગતી આપી શકે છે.

૩ આંધળી, લુલી, ગાંડી બૈરાને ફારગતી અપાતી નથી.

૪ બૈરી ધણીને તજી શકતી નથી.

નાતરા વીષે.

૧ બૈરી મુઆ પછી અથવા બૈરી જીવતી હોય તો પણ નાતરૂ કરી શકાય છે.

૨ ધણી મુઆ પછી બૈરી નાતરૂ કરે ત્યારે પહેલા ધણીના છોકરા અથવા છોકરીની ઉમ્મર પહોંચતી હોય તો પહેલા ધણીના ઘેર રહે અથવા નાના હોય તો તેની મા સાથે જાય અને મોટા થયા પછી પોતાના બાપના ઘરમાં આવીને રહે.

૩ લગ્નની અથવાં નાતરાની બૈરીથી છોકરાં થયાં હોય તો તે બન્ને છોકરાઓનો વારસપણાનો હક સરખો છે.

૪ કોઇ બૈરી નાતરે જાય ને તેને છોકરો ન હોય અને છોકરી હોય ને તેનું પલ્લું જુદું હોય તો તે છોકરી ને આપવામાં આવે અને એકઠા રહેતા હોય તો દીઅર જેઠને આપવામાં આવે અને તે છોકરીનો કારવહેવાર તેમાંથી કરે.

૫ બૈરી પોતાના ધણી મુઆ પછી ૬ મહિનાની અંદર નાતરૂં કરે તો ન્યાતમાં ગુનેહુગારી રૂા. ૫ અંકે પાંચ રૂપીઆ ગુનેહુગારીના આપે.

૬ પોતાનો ધણી પરદેશ ગયો હોય ને વરશ બાર સુધી તેનો પત્તો મળે નહીં તો ચુડા કર્મ કરીને પછી નાતરે જવું હોય તો જાય.

૭ મરદ અથવા બૈરી લગ્ન કીધા શીવાય નાતરૂ કરી શકતા નથી.

૮ નાતરૂ કરતી વખત ઓછામાં ઓછું રૂા૨૫) નું પલ્લું કરવાનો રીવાજ છે.

૯ ધણી મુઆ પછી ધણીઆણી નાતરૂં કરે તો આગલા ધણીની માલ મીલકત ધણીના વારસને સોંપીને જાય સોંપ્યા શિવાય નાતરે જાય તો રૂા. ૧૦) અંકે દશ ન્યાતમાં ગુનેહુગારી આપે.

અન્ન વસ્ત્ર વીષે કાયદા.

૧ કોઇ શખ્સ પોતાની બૈરીને કહાડી મુકે ત્યારે તે ભરણપોષણ આપવાને બંધાયલો છે.

૨ કોઇ બૈરીનો ધણી એકઠાપણામાં મરી ગયો હોય તો તે બૈરીનું ભરણ પોષણ તેના વાલી કરે અને ના કરે તો તેના ધણીનો હીસ્સો જુદો લઇને માલમાંથી પલ્લામાંથી અથવા મહેનત મજુરી કરીને પોતાનું ભરણપોષણ કરે.

ક્રીયા વિષે કાયદા.

૧ કોઈપણ માણસ ગુજરી જાય ને તેની પાસે સ્થાવર અથવા જંગમ મીલકત નહીં હોય ને પંચાતમાં વાત ગુજારે તો પંચાતવાળા તેના કુટંબી પાસે ક્રીયા કરાવે તેમાં મરણની ક્રીયા હોય તો પંચાતમાં રૂપીઆ પાંચ ખાંધીઆ ભારના લેવા નહીં ને બ્રાહ્મણને દાપું આપવું નહીં.

૨ લગ્નની ક્રીયા બાપ વગરના અનાથ છોકરાઓને લગ્નની કરવી હોય તો, પંચાતવાળા લગ્નની ક્રીયા તેના કુટંબી પાસે કરાવે અને લગ્નનું દાપુ પંચનું લેવું નહીં. અને બ્રાહ્મણનું આપવું નહીં અને ન્યાતી ભોજનના દંડના પૈસા પણ કુટંબી પાસે લેવા નહીં.

૩ કોઇ માણસ ગુજરી જાય અને પછવાડી તેની ધણીઆણી હોય અથવા તેનો વાલી હોય તે તુરત પંચાતના પટેલોને બોલાવી જે કાંઇ માલ હોય તે બતાવે, તો ઉપર પ્રમાણે પંચાત ક્રીયાની વ્યવસ્થા કરાવે.

૪ પંચાતવાળા મરનારની ક્રીયા અથવા લગ્ન ક્રીયા કરવાનું કુટંબીને કહે અને કુટંબી નહીં કરે તો રૂ. ૫) અંકે પાંચ દંડ આપે.

૫ ક્રીયાઓ કરાવવી તે પોતાના કુટંબી પાસે કરાવવી અથવા કુટંબીની સલાહથી બીજા પાસે કરાવવી. અને એ પ્રમાણે નહીં કરાવે તો રૂ. ૫) અંકે પાંચ દંડ આપે.

૬ કોઇ માણસ જીવતક્રીયા કરીને ગુજરી જાય તો તેના મરણ બાદ તેના વારસને ફરીથી કરવી પડે છે.

૭ કોઈ બૈરી મરી જાય તો તેની ક્રીયા તેના ધણીના કુળમાં થાય છે અથવા પીએરમાં ગોરણીની ક્રીયા થાય છે મળે તો ન્યાતવાળાને જમાડે છે.

૮ કોઇ શખ્સને પોતાની માના કુળમાંથી વારસો મળ્યો હોય ને તે શખ્સ સંતાન રહિત મરી જાય અને તેની બહેન ન હોય તો વારસામાંનો માલ મોશાળના કુલમાં પાછો જાય છે ને તે શખ્શની ક્રીયા તો બાપના કુલમાં થાય છે અને વારસામાંના માલમાંથી તેની ક્રીયા થતા વધેલો માલ મોશાળમાં પાછો જાય છે.

૯ છોકરો અથવા છોકરી વરસ સાતની ઉમરનાં થાય ત્યાં સુધીમાં મરણ પામે તો તેની પછવાડે કાંઇ લહાણું અથવા જમણ થતું નથી. ને કરે તો ન્યાતમાં ગુનેહગારી રૂા. ૨૫)અંકે પચીસ આપે. સગાને પણ જમાડે નહીં.

૧૦ પરણેલો છોકરો અથવા છોકરી વરસ સાતની ઉમરમાં મરણ પામે તો ન્યાતી જમણ કરવું નહીં. દળનો લાડુ વહેંચે છે તે વહેંચવું.

૧૧ ફિઠમણા વખતે વાસના પૈસા મુકવામાં આવે છે તે પોત કરવાના હોય તે વાસના પૈસા મુકે પોત જમાઇઓને કરે છે. પોત કરે તો રૂા. ૧૧ ની કીંમતનું ઓછામાં ઓછું કરે વધારે કીંમતનું કરે તો મરજી.

૧૨ કોઈ છોકરીની ગોરણી સરાવે તો તેને પણ ઉપર કહ્યા પ્રમાણે પોત કરવું.

૧૩ પોતાની દીકરી મરી જાય તો જમાઇને અને બેન મરી જાય તો બનેવીને ને બનેવી મરી જાય તો બેનને ને જમાઈ મરી જાય તો દીકરીને પોત કરે એ વધારાના પૈસા વાસના મુકવાના ને પોત પણ કરવાના એમાંથી કોઈ ભુલે તો રૂા. ૨ા અંકે અઢી દંડ આપે.

વારસા વીષે.

૧ કોઇ માણસ ભાઇઓથી વહેચણ કર્યા વીના અ પુત્ર મરી જાય ત્યારે શાસ્ત્ર પ્રમાણે મરનાર માણસની ધણી-આણી વારસ અને ધણીઆણી ન હોય તો દીકરી વારસ ને દીકરી ન હોય તો દીકરીનો દીકરો વારસ અને તે ન હોય તો મરનારના પાસેના કુટંબી વારસ પણ મરનાર માણસની ધણીઆણી નાતરે જાય તો વારસો પહોંચતો નથી.

૨ કોઇ માણસને મોશાળથી વારસો મળ્યો હોય ને તે સંતાન રહીત મરી જાય ને તેની ધણીઆણીનો હક પહોંચે છે. ને ધણીઆણી ન હોય તો મોશાળમાં જાય છે.

૩ કોઈ બૈરીને પોતાના બાપના કુળમાંથી વારસો મળે ને તે સંતાન રહીત મરી જાય તો તે વારસાનો માલ બાપના કુળમાં પાછો જાય છે. ને બાપના કુળવાળા તેમાંથી ગોરણીનો ખરચ કરે છે.

૪ કોઇ મરનાર સખ્શની મા હોય ત્યાં સુધી સ્ત્રી વારસ થઇ શકતી નથી.

૫ આંધળા લુલા વાગેરે દોષવાળા હોય તો પણ તેનો વારસો પહોંચે છે.

૬ કોઇ સૌભાગ્યવંતી મરી જાય અથવા વીધવા થઈને મરી જાય તો પહલાનાં વારસ તેના સાસરીઆનાં કુટુંબી છે. અને મોશાળ વીગેરે પીઅેરથી જે માલ લાવી હોય તેના વારસ તેના પીઅેરીઆ છે.

૭ કોઈ માણુસ વટલી ગયો ને ન્યાતે ન્યાત બહાર મુકયો હોય તો તે શખ્સનો વારસો પહોંચતો નથી. કોઇ શખ્સને નાલાયક જાણીને ઘરમાંથી કાઢી મુકે છે. તો પણ તેનો વારસો પહોંચે છે.

વહેચણ કરવા વિષે

૧ કોઈ બાળક કુંવારૂ છે તેનો સંસ્કાર તથા લગ્ન વીગેરેનો હીસ્સો કાઢીને, બાકીના માલનો સરખો ભાગ વહેંચાય છે. સંસ્કાર અને લગ્નનો ખરચનો ભાગ અને સરખે હીસ્સે વહેંચાયલો ભાગ પતીજવાળા માણસને સોંપાય છે.

૨ બાપના મુઆ પછી દીકરાઓ વહેંચણ કરવા ચાહે તો માની રજા સીવાય વહેંચણ થઇ શકે નહીં. ને માની મરજીમાં આવે તેટલું રાખે ને પછી બાકીનું વહેંચી લેછે અને માને પાળે તથા અન્ન વસ્ત્ર આપે તે રાખે છે.

બાપ જીવતાં છતાં દીકરા સાથે વહેંચણ કરતા નથી કદાચ કરે તો બાપ પેતાની મરજીમાં આવે તેટલું રાખે ને તે મુઆ પછી તેનું ઉત્તર સાધન કરીને બાકી જે માલ રહે તે સરખે હીસ્સે વહેંચી લે છે. દેવું હોય તે પણ સરખે હીસ્સે આપે.

ન્યાત બહાર મુકવા વિષે.

૧ જેનું અન્ન જળ ખાવા ન ઘટે તેનું ખાય તો પંચ મળીને ન્યાત બહાર મુકે છે.

૨ કોઇ માણુસ કોઇના ઉપર અઘટતાનું અન્ન જળ ખાવાનું અને પીવાનું તહોમત મુકે તો ન્યાતના માણુસો સાબીત થયા વિના ન્યાત બહાર મુકી શકતા નથી તહોમતની સાબીતી સાક્ષીઓથી થાય છે એમ કરતાં કોઇ કોઈના ઉપર જુઠું તહોમત મુકે તો ન્યાતમાં ગુનેહુગારી રૂ ૨૫) અંકે પચીસ આપે.

૩ ન્યાત બહારવાળા સાથે કાંઇપણ વહેવાર રાખવો નહીં.

૪ ન્યાત બહાર અને પંગતી બહારમાં તફાવત એ છે જે વટલેલાને ન્યાત બહાર મુકીએ છૈએ અને થોડી તકસીરવાળાને પંગતી બહાર મુકીએ છૈએ પણ પંગતી બહારવાળાને પંગતથી થોડે દુર બેસાડીને જમાડતા નથી ને તેને નોતરૂં પણ દેતાં નથી ને એમ કરતાં કોઇ પંગતી બહારીઆ સખ્શને નોતરૂ દઇ જમવાને તેડે તો ગુનેહુગારી રૂ ૫) અંકે પાંચ આપે.

૫ જે માણુસ પંગતી બહાર રહયો હોય ને તેનો છોકરે જુદો રહેતો હોય તો તે પરણે ને એકઠો રહેતો હોય તો ન્યાતવાળા જયારે ન્યાતમાં લે ત્યારે તેના છોકરાં ન્યાતમાં પરણે

૬ કોઇ માણુસ વટલેલાના દોષથી ન્યાત બહાર હોય ને તે માણુસ મરી જાય તો તેને શાસ્ત્ર પ્રમાણે શુધ્ધ

કરીને બાળવો ને તેની પાસેનું પંચનું લહેણું તેનો વાલી આપે પંચને આપે,

૭ પંગતી બહારીઆને ન્યાતના લોક બાળે છે ને તેના સગાં કીધા કરે છે.

૮ પુતળુ કરીને બાળવાનો ચાલ નથી.

ન્યાતના કેટલાએક પરચુરણ કાયદાઓ.

૧ ન્યાતના વાસણો તેમજ ન્યાતની સીલક વીગેરે ન્યાતના શેઠને ત્યાં રહે છે અને વાસણો આપવામાં શેઠ મુખત્યાર છે જેને ઘેર વરો હોય તે વાસણ લઈ જાય છે પંગતી બહારવાળાને તેમજ ન્યાત બહારવાળાને વાસણો આપતાંજ નથી.

૨ પરગામવાળા અથવા આસપાસના પરોણાને ન્યાતના ઓળખીને જમાડવા.

૩ ન્યાતના જમણના નોતરાં દેવા જે જાય છે તેને રૂા. ૦I આપવામાં આવે છે

૪ શેઠપણાનો હક એ છે જે જયારે ન્યાતી ભોજન થાય છે ત્યારે પ્રથમ ચાંદલો શેઠને થાય છે અને લગ્ન અને શ્રીમંતના ન્યાતી ભોજનમાં બપોરે સુખડી કીધા પછી પ્રથમ ચાંદલો શેઠને થાય છે અને તે વખતે શેઠને નોતરા દેવડાવવાને રૂા. ૦I અંકે ૪ આના શેઠને આપવામાં આવે છે અને શેઠ ન્યાતમાં નોતરા દેવડાવે છે અને શેઠને બીજો રૂા. ૧) અંકે એક ન્યાતના માણસોને એલચી લાવી વહેંચવાને આપવામાં આવે ત્યાર

પછી જ્યારે બરાઓની પંગત ભરાય છે તે વખતે ન્યાતના માણુસોને કલગી વીગેરે આપવામાં આવે છે, તે કલગી વીગેરે ન્યાતના શેઠને પ્રથમ આપવી અને ત્યાર પછી પટેલીઆઓને વહેંચી ન્યાતના માણુસો અથવા પરન્યાતના માણુસોને આપવી અને શેઠ પોતાની ખુશીથી શેઠાઇ મુકે છે ત્યાર પછી બીજા શેઠ થાય છે. તે કુલ બુનીઆતમાંનો થાય છે.

૫ શેઠ હાજર હોય તો કાયદાને અનુસરે દંડ લખાવે છે, અને દરેક વહીવટ શેઠથી થાય છે અથવા ચાલે છે. અને હાજર નહીં હોય તો મોટા તડના પટેલથી ચાલી શકે છે ને ત્યાર પછી નાના તડના પટેલથી અને ત્યાર પછી અસલ રીત પ્રમાણે વહીવટ ચાલે છે જ્યારે ન્યાતી ભોજન હોય ત્યારે શેઠ પટેલીઆ જમી ઉઠયા પછી દરેક માણુસે ઉઠવું ને ઓચ્છવની અથવા ન્યાતી ભોજનની પંગતમાં જમવા બેસે છે ત્યાર પછી શેઠ પાઘડી પહેરે ત્યાર પછી દરેક જણુ પહેરે છે, એથી ઉલટુ ચાલે તો રૂ ૦ા૰ દંડ. આપવો પડે છે.

૬ આપની ન્યાતમાં કુલગોરનો હુક કાંઇ મુકરર નથી યજમાનો પોતાની શકતી પ્રમાણે આપે છે,

૭ પોતાનું ગામ અથવા શહેર મુકીને જાય અથવા કોઇ માણુસ આવે ત્યારે તેનો ન્યાત ગોર ઔદીચ અમદાવાદી બ્રાહ્મણુ થાય છે ને કુલગોર કાંઈ મુકરર

નથી પોતાની મરજીમાં આવે તે બ્રાહ્મણ કરે છે.

૮ કોઇ માણુસ પોતાના છોકરા છતાં બીજા કોઇને માલ આપી શકતો નથી ને છોકરા નહીં હોય તો અત્રાપી ને આપીવસીએત નામું કરી આપવા ચાહે તો કરી શકે છે કારણ કે પોતાના માલનો પોતે મુખત્યાર છે.

૯ કોઇ માણુસ પોતાના ત્રણ ચાર વારસો છતાં એક વારસને વસીયતનામું કરી આપવા ચાહે તો આપી શકે છે.

૧૦ કોઈ માણુસ પોતાની ધણીઆણીને ફારગતી આપવા ચાહે તો ધણી અને ધણીઆણીને પંચાતમાં હાજર થવું પડે છે ને ધણીઆણી નહીં આવે તો પંચાતમાં રૂા ૭ાા અંકે સાડા સાત ગુનેહગારીના આપે અને પંચાતવાળા મળીને તે બઈરીની ફારગતી ધણીની ખુશીથી કરાવે ને તે ધણીની હરેક મીલકત ધણીને અપાવે અને ન્યાતવાળા તે બૈરાની સહી કરાવી આપે.

૧૧ પોતાનો ધણી પોતાની ધણીઆણીને તેડુ કરે અથવા કરાવે અને નહીં જાય તો અને તેના માબાપ નહીં મોકલી આપે તો રૂા ૫ અંકે પાંચ દંડ આપે.

૧૨ ધણી પોતાની ધણીઆણીને છ મહીનાની અંદર તેડું નહીં કરે તો રૂા ૭ાા અંકે સાડાસાત ગુનેહગારી આપે.

૧૩ સગાઇ કર્યા પછી તેની ખુશાલીમાં એક એકની વહેવણો ને પરસ્પર બોલાવી મીઠાઇ સેવ ભજીઆ ખવડાવે છે.

૧૪ જે માણુસને લગ્ન અથવા શ્રીમંતના ન્યાતી જમણુના દીવસે બપોરે સુખડી કર્યાં પછી પાઘડીના પેટે સગા જમાઇને રૂા ૨ અંકે બે આપે છે ને સગા બનેવી ને રૂા ૧। અંકે સવા આપે છે અને જમાઇ અને બનેવી ને બે વાર બોલાવ્યા છતાં નહીં આવે તો તેનો હક જાય અને ન બોલાવે તો તેનો હક તેને ઘેર મોકલાવી આપે.

૧૫ ન્યાતી ભોજનમાં ગોળનો લાડુ અથવા કંસાર કરે તો ઓછામાં ઓછું ઘી શેર ૧૦) દરમણું નાંખે. ને બીજા ખાંડના જમણુમાં તો ખાંડને ઘટતું નાંખે. અને એ પ્રમાણે નહીં વર્તે તો રૂા. ૧૧) અંકે દશ ગુનેહગારીના આપે અને ભાતમાં ઘી મુકવાનો રીવજ તો પંચાતી પળી ભરીને દરેકને આપે અને ગોળ, ખાંડ વીગેરેની પરેજીવાળાને ભાતમાં ચાર પળી સુધી આપવું.

૧૬ લગ્ન, શ્રીમંત વીગેરે ન્યાતી ભોજનમાં જે છોકરીને વાડી ભરાવે છે તેમાં છોકરીની સાસુને રૂા. ૧। અંકે સવા પગે લાગણા તરીકે આપે છે. અને સાસુ નહીં હોય તો બીજી કોઇ હકદારને આપે છે.

૧૭ ગોરવ જમવા જાય ત્યારે વરરાજા અને તેના મા બાપને વરરાજાના સાસુ સસરા અને સાસુ સસરા નહીં હોય તો વહીવટ કરનારા સામુ ખવડાવવા જાય છે. અને વરરાજાના માબાપ નહીં હોય તો તેના વહીવટ કરનારાને

ખત્રડાવે છે. એથી ઉલટુ કરે તેને રૂા. ૫) અંકે પાંચ દંડ થાય.

૧૮ કોઈપણુ છોકરાની બાર વરસની ઉમરની અંદરમાં બહારગામ સગાઇ તો તેની પાસેથી રૂા. ૫૦) અંકે પચાસ લેવાય છે. બહારગામવાળા ખંભાતી લોકો અને ખંભાતી શીવાયના લોકો જેઓ સુરતની ન્યાતમાં દાખલ થાય છે તેઓને બહારગામમાં ગણુવા નહીં અને ખંભાતી સીવાય બહારગામવાળા દાખલ થએલાઓની છોકરાઓને માટે તેઓ બહારગામથી લાવે કન્યા તો આપની ન્યાતમાં આપે.

૧૯ લગ્નને આગલે દીવસે ઘર દીઠ પતાસા સાત સાત વહેંચાય છે. અને સોપારી વંહેચાય છે એથી ઉલટુ ચાલનાર પાસે રૂા ૧૦) અંકે દશ ગુનેહગારીના આપે.

૨૦ જયારે કોઇ માણુસ પોતાની બૈરીને હાથ પકડીને જે બહાર રસ્તા ઉપર ઉતારી મુકે તો રૂ ૭ાા અંકે સાડા સાત દંડ આપે.

૨૧ છોકરીના શ્રીમંત વખતે જે માબાપો મોશાળુ કરે છે અને તેમાં જે આપવામાં આવે છે તે માલ છોકરી જયારે ગુજરી જાય ત્યારે સાસરાંઆ તેમાંથી કાંઇ રાખતા નથી જે દરેક માલ છોકરીના માબાપને હવાલે કરે છે.

૨૨ શ્રીમંત વખતે મોશાળુ કરે તે વખતે જમાઇને ઓછામાં ઓછા રૂ ૫) અંકેપાંચ આપે.

૨૩ છોકરાના છોકરાઓના લગ્ન થાય છે ત્યારે જેમાલ મોશાળામા છોકરીને માટે મુકે તેમાં છોકરીના માંબાપ વાલી છે પણ છોકરીના છોકરા અને છોકરીઓને માટે મુકેલા માલના ધણી તો છોકરાઓનો બાપજ છે.

૨૪ લગ્ન પ્રસંગે અથવા કોઇ બીજે જાહેર પ્રસંગે કોઇ બાઈ ફટાણા ગીતો જાહેરમાં ગાય નહીં અને ગાયતો દરેક બાઈને રૂા. ૧I અંકે સવા દંડ થાય.

૨૫ મરદ અથવા સ્ત્રી જયારે પંચ મળી હોય અથવા ન્યાતી ભોજન હોય ત્યારે કોઇને પણ અઘટીત શબ્દો તેમજ ગાળ વીગેરે અપ શબ્દો બોલે નહીં. અઘટીત પ્રયોજન વિના બોલે તો રૂા. ०॥= અંકે દશ આના દંડ આપે. ગાળ દેતો રૂ. ૧I અંકે સવા દંડ આપે શેઠ પટેલોને ગાળ દેતા રૂ. ૫) અંકે પાંચ આપે. આખી ન્યાતને ગાળો દેતો રૂ. ૧૦) અંકે દશ આપે.

૨૬ ન્યાત પ્રસંગના કારણે આખી ન્યાતને જાહેરમાં ગાળો દેતો રૂ ૧૦) અંકે દશ દંડ આપે.

૨૭ બહાર ગામની ધણીની ફારગતી થયા વિનાની બૈરી લાવે તો રૂા. ૭૫) અંકે પંચોતેર દંડ આપે.

૨૮ જે દીવસે પંચાત તરફથી પૈસાએનું ઉઘરાણું થાય છે તે દીવસે નહીં આપે તો પૈસા દોઢા થાય છે અને દોઢા થએલા પૈસા અને દંડ વીગેરેના પૈસા ફાગણ વદી ૩ ને દીવસે

લેવામાં આવે છે તે દીવસે નહીં આપે તો દંડ વીગેરેના પૈસા હોઢા થાય છે.

૨૯ ભંજવાડના રૂા. ૨પાા અંકે સાડીપચીસ લેવામાં આવે છે.

સગીરના માલની વ્યવસ્થા વીષે.

૧ કોઇ માણુસ ગુજરી જાય ને તેના વાલી સગીર હોય તો તેની મીલકતની વ્યવસ્થા સગીર પુખ્ત ઉમરના થતાં સુધી પંચ તરફથી કરવી. તેની ધણીઆણી હોય છતાં પણ તે માલની વ્યવસ્થા પંચ તરફથી કરવી અથવા દેખરેખ પંચ તરફથી રાખવી મરનાર પછવાડી તેની ધણીઆણીની ખુશીથી સગીર નહીં હોવાથી ધર્મ વીગેરે કરવા ચાહતો તેની માલકતમાંથી અનાથ બાળકો અથવા દુઃખી માણસોના કામમાં ખરચવા યોગ્ય હોય તો તે કરવા દેવુ અથવા મરનારનું નામ રહેવા યોગ્ય વ્યવસ્થા કરવી.

કહેણુ કહેવડાવવા વીષે.

૧ વરશ એકની ઉપરનું બાળક ગુજરી જાય ત્યારે તડમાં કહેણુ કહેવડાવવો. જયારે કોઈ માણસ પછવાડી ન્યાતી જમણુ કરવું હોય તો બે તડમાં કહેવડાવે ને એક તડમાં કહેવડાવ્યું હોય તો પણુ ખુશીથી ન્યાત જમાડવી હોય તો જમાડે.

સુતક વીષે.

૧ જે બાળક દાંત ઉગ્યા અગાઉ મરી જાય તો કુટંબીઓ ફકત સ્નાન કરવાથીજ શુદ્ધ થાય છે સુતક લાગતું નથી.

૨ જે બાળક દાંત આવ્યા પછી બે વરશનું થયા વિના મરી જાય તો કુટંબીને સુતક લાગે છે. તેના ચોથીયા વિગેરેની શ્રાદ્ધ ક્રિયા ઘટતી નથી.

૩ જે બાળક બેથી ત્રણ વરસ સુધીનું મરણ પામે તો તેને અગ્ની સંસ્કાર કરવો અને ચોથીઓની શ્રાદ્ધ ક્રીયા કરવી ને મા બાપે દીવસ ત્રણ સુતક પાળવું અને બીજા કુટંબીઓએ એક દીવસ સુતક પાળવું અને છોકરી હોય તો માતાપિતાને ત્રણ દીવસનું ને બાજા કુટંબીઓને ફકત સ્નાન કરવા ઘટે છે અને છોકરીની સગાઈ થઈ હોય ને મરી જાય તો તેના પતી વીગેરે સાસુ સસરાને અને પીતૃ પક્ષના પીના ભાઈને ત્રણ રાત્રીનું સુતક લાગે છે.

૪ લગ્ન થયા વિના સોળ વરસની અંદર મરણ પામે તો ત્રણ દિવસનું સુતક પાળવું અને સોળ વરસ થયા પછી અથવા લગ્ન થયા પછી મરણ પામે તો તેનું સુતક દશ દિવસ પાળવું. છોકરી લગ્ન થયા પછી મરણ પામે તો જયાં પરણી છે તેના કુટંબીઓએ દશ દિવસ સુતક પાળવું અને છોકરીના માબાપે ત્રણ

દિવસનું સુતક પળવું અને છોકરીના માબાપના સગા સંબધીઓએ ફક્ત સ્નાન કરવું.

૫ જેને અગ્ની સંસ્કાર થતો નથી તેની પછવાડે દાટવાનો સંસ્કાર કરનાર મુછ આપે છે અને અગ્ની સંસ્કાર થાય છે. તેની પછવાડે જેને સુતક ઘટે છે તેનેજ મુછો આપવી અને ગોરણીની ક્રીયા કરનારને તો મુછ આપવી પડે છે.

ન્યાતના દાપા વીશે.

૧ છોકરા પાસે લેવાનું લગ્નનું દાપુ દરેક છોકરે
લગ્નનું રૂા. ૧।।=। અંકે દોઢ ને સવાબેઆના.
કલવાના રૂા. ૦।। અંકે આઠ આના.

૨ બહારગામ છોકરો પરણવા જાય તેનું દાપુ દરેક છોકરે
લગ્નનું રૂા. ૧।।=। અંકે દોઢ સવાબેઆના
કલવાનો રૂા. ૦।। અંકે આઠ આના.
બહારની કન્યાનું રૂ. ૫) અંકે પાંચ રૂપીઆ.
ગૃહશાંતીનો રૂા. ૧। અંકે સવા રૂપીઓ.
પતાસા સોપારીના રૂા. ૨।। અંકે અઢી રૂપીઆ.

૩ દરેક કન્યાએ નીચે પ્રમાણે દાપુ.
લગ્નનું રૂા. ૦।।=। અંકે સવાદશ આના

૪ નાતરાના દાપા.
નાતરાનું દાપું રૂા. ૮।। અંકે સાડાઆઠ
બહારગામની કન્યાનું દાપું રૂા. ૫ અંકે પાંચ.

બહારગામ સામુ રૂપીઆ આપીને લાવે તેના રૂા. ૫) અંકે પાચ.

૫ કોઈ માણુસ લગ્નનો ખરચ નહીં કરે તો હોળી ઉપર રૂા. ૫ અંકે પાંચ આપે. જયાંસુધી ન્યાતી જમણુ નહીં કરે ત્યાં સુધી દર વર્ષે રૂા. ૫) અંકે પાંચ આપે જેના બીજી વખતે લગ્ન થાય તો ન્યાતને જમાડે નહીં અને ન્યાત તેની પાસેથી રૂા. ૫) અંકે પાંચ લે નહીં.

૬ ન્યાતમાં કોઈ માણુસને ત્યાં છોકરો અવતરે તો રૂ૧) અંકે એક રૂપીઓ હરેક છોકરે ન્યાતમાં આપે. અને પહેલા ખોળાની છોકરી આવી હોય તો રૂ૧) અંકે એક રૂપીઓ ન્યાતમાં આપે.

૭ કોઈ ગુજરી ગયું હોય ને તેની પછવાડે એક તડમાં કહેણુ કહેવડાવે ને નહીં આવે તો રૂ૦ાા અંકે આઠ આના ન્યાતમાં આપે. ને એ તડમાં કહેણુ કહેવડાવી હોય તો રૂ૦ા- અંકે પાંચ આના આપે.

૮ હરેક અમાવાસ્યાને દિવસે પંચ મળે છે ત્યારે કોઈ માણુસ પંચમાં નહિં આવે તો રૂ૦ા- અંકે પાંચ આના આપે અને સહવારથી મેળો થયો હોય ને ન આવે તો રૂ૦ાા અંકે આના આંઠ આપે. અને સવારમાં કલાકમો મેળો થાય છે ને નહીં આવે તો રૂ૦)= બેઆના આપે. જ્યારે હાજરી લેવાતી હોય ત્યારે ન હાજર હોય તો રૂ૦)ાા આનો અડધો આપે.

૯ જ્યારે ન્યાતી ભોજન ઓચ્છવને દિવસે હોય ત્યારે

શેઠ અથવા પટેલ જીરસવાનું કહે ને નહીં માને તો દશ આ ના દંડ આપે.

ગોરને આપવાના દાપા.

૧ ગણુપતી બેસાડે ત્યારથી તે વરકન્યા વિદાય થાય ત્યાં સુધીની દરેક ક્રીયાના મળીને,રૂ૪ાા ⌐ાા અંકે પોણા પાંચને દોઢ આનો વરવાળા પાસેથી પરચુરણ પૈસા સાથે તેમજ કન્યાવાળા પાસેથી રૂ૪ાા⌐ાા અંકે પોણા પાંચને દોઢ આનો પરચુરણ સાથે.

૨ શ્રીમંતનો ખોળો ભરે ત્યારે રૂ૧) અંકે એક રૂપીઓ પરચુરણ સાથે.

૩ લગ્ન મુકરર થાય છે ત્યારે ખાંડ ખાવામાં આવે છે ત્યારે હરેક વર અને હરેક કન્યાવાળા પાસેથી રૂ૦)⌐ા અંકે સવા આનો.

૪ સગાઇ કરતી વખતે ચાંલ્લા કરે છે ત્યારે વર અને કન્યાવાળા રૂ ૦)૦ાાા અંકે પોણોઆનો હરેક જણ આપે છે.

૫ માતા રન્યાદેવ વાવે છે ત્યાંથી વિદાય કરે છે ત્યાં સુધી રૂ૧ા≂ અકે એક રૂપીઓ છઆના પરચુરણ પૈસા સાથે.

૬ અગીઆરમાંના દીવસે કારતુ સરાવે છે ગુપતેશ્વર તેનું કારતીઆ સાથે રૂ ૩ાા અંકે સાડા ત્રણ પરચુરણ સાથે.

૭ કોઇને સજયા પુરવી હોય તો ઘેરથી પુરે અને ઘેરથી પુરવી નહીં હોય તો ગોર ઘેરથી સજ્યા વીગેરે

લાવે તો તેને પેટે રૂ ૧। અંકેસવા રૂપીઆ પરચુરણ સાથે આપવાનો રીવાજ છે. અને સજ્યા મુકવી નહીં મુકવી એ યજમાનની મરજી પર આધાર રાખે છે.

૮ બારમાની ક્રીયા કરાવે ત્યારે રૂ ૧) અંકે એક રૂપીઆ આપવામાં આવે છે પચુરણ સાથે.

૯ તેરમાંના રૂ ૦)= અંકે બે આના પરચુરણ સાથે.

૧૦ વરસીના રૂ ૦॥= અંકેદશ આના પરચુરણ સાથે.

૧૧ ગોરણીના રૂ ૦॥= અંકેદશ આના પરચુરણ સાથે.

૧૨ ચોથીઆના રૂ ૦। અંકેચાર આના પરચુરણ સાથે.

૧૩ માસીસા વીગેરે શ્રાધ ક્રીયાના રૂ ૦)૦। અંકે પા આનો પરચુરણ સાથે.

૧૪ નારાયણ બળી અશ્વનીકુમાર સરાવે તેનું રૂ ૭) અંકેસાત પરચુરણ સાથે.

૧૫ ત્રીપીંડી અશ્વનીકુમાર સરાવે તેના રૂ ૦)= પરચુરણ સાથે.

૧૬ કુવાની નારાયણ બળી સરાવે તેના પરચુરણ તથા સીધા સાથે રૂ ૯) અંકે નવ રૂપીઆ.

૧૭ કુવાની જાત્રાનું સાદુ શ્રાધ કરામની રૂ ૦)=। અંકેસવા બે આના પરચુરણ અને સીધા સાથે ઉપલી હરેક ક્રીયા કરાવે તો તે ક્રીયા કરાવે તે પ્રમાણે પૈસા આપે તેમજ હરેક ક્રીયામાં દાપા શીવાય અન્ન વસ્ત્ર હરેક માણસની શ્રધ્ધા પ્રમાણે મુકે નહીં મુકે તો

યજમાનની મરજી ક્રીયા વખતે એક પૈસો વત્તો લેવો નહીં તેમજ માંગવો પણ નહીં અને કોઇની ક્રીયામાં અટકાવ પાડવો નહીં.

૧૮ જયારે કોઇ માણસ ન્યાત જમાડે ત્યારે ગોરના ઘરના માણસોને જમાડે છે.

૧૯ જયારે ગોર લગ્નનું દાપુ લે તે વખતે દરેક છોકરે રૂ ૦ાા અંકે આઠ આના અને દરેક છોકરીએ રૂ ૦ાા અંકે આઠ આના ધર્માદા લેવા અને તે પૈસા ન્યાતના શેઠને આપે અને શેઠ તે પૈસા સુરત સયદપુરા ચોકી શેરી આગળના આપના રામજીના મંદીરમાં આપે.

ન્યાતી ભાઇઓની ફરજો.

૧ આપની ન્યાતના મીસ્તરીઓ સાથે કામ ચાલતું હોય અને પરન્યાતના માણસો કામે આવતા હોય અને ચાલુ કારખાનામાં કારીગર ઘટાડવા હોય ત્યારે પાછળથી આવેલા પરન્યાતના માણસને ઘટાડવો બનતા સુધી ન્યાતવાળા માણસને ઘટાડવા નહીં કામ એવું હોય કે આપની ન્યાતના માણસથી તે કામ નહીં બની શકતુ હોય ને પરન્યાતવાળો કરી શકતો હોય તો ન્યાતવાળાને ઘટાડવા વળી મીસ્તરીને કારીગર વધારવા હોય ને આપની ન્યાતનો માણસ પુછવા જાય ત્યારે તેને ના કહી પરન્યાતવાળાને વધારવો નહીં એથી ઉલટું ચાલે તો રૂ. ૫) અંકે પાંચ રૂપીઆ દંડ આપે.

૨ બનતા સુધી દરેક માણુસે પોતાના ન્યાતી બંધુઓને તન, મન અને ધનની બનતી મદદ કરવી અને દરેક માણુસને બનતા સુધી સારે રસ્તે ચલાવવાનો પ્રયત્ન કરવો. સ્વાર્થની સાથે પરમાર્થ પણ વીચારવો કે આપણને એક પૈસાનો લાભ થતાં સામા માણુસને ચાર પૈસાનું નુકશાન થતું હોય તો આપણે એક પૈસાનો લાભ મુકી દેવો અને દરેક ન્યાતી બંધુઓએ ઉપર લખેલા કાયદાઓ પ્રમાણે વર્તવું સાથી જે લખેલા કાયદાઓ પ્રમાણે નહીં ચાલે તો દંડને પાત્ર થાય અને દરેક ન્યાતીબંધુએ કાયદા છપાવ્યા પહેલાના દાખલા થઇ ગયેલા બતાવવા નહીં તેમજ જોવા પણ નહીં અને દરેક ન્યાતીબંધુના ગુન્હાની વાત વરસ દીવસની મુદતમાં સાંભળવી પછી સાંભળવી નહીં.

૩ મનુસ્મૃતિના અધ્યાય ત્રીજાના ૧૨૫ માં શ્લોકમાં કહે છે કે.

द्वौ दैवे पितृकार्ये त्रीनेकैकमुभयत्र वा ।
भोजयेत्सुसमृद्धोऽपि न प्रसज्जेत विस्तरे ॥ १२५ ॥

શ્રાદ્ધમાં દેવકર્મ અને પિતૃકર્મ એમ બે કર્મો હોય છે તેમાં દેવકર્મમાં બે બ્રાહ્મણો જમાડવા અને પિતૃકર્મમાં (શ્રાદ્ધમાં) ત્રણ બ્રાહ્મણ જમાવાં અથવા બન્ને કર્મમાં એક એક બ્રાહ્મણ જમાડવો ગૃહસ્થ સારો સમૃધ્ધિવાળો હોય તો પણ તેણે વિસ્તારથી બ્રાહ્મણ ભોજન કરાવવામાં પ્રવૃત્ત થવું નહીં.

ગૃહસ્માંતીનો સોદો.

ચોખા શેર ૧। ઘઉં શેર ૧। ખીચડી શેર ૧।
નાળીયેર નંગ ૫ સોપારી શેર ૧। કંકુ સવાકાનુ
નાડુ સવાકાનું તલ શેર ૧। જવ શેર ૧।
મીંઢલ નંગ ૫ ઘી સેર ૧। રૂદ્રનું ઘી સેર ૧। હોમવાનું,
૦)॥ પુંજાપો ગુલાલ, અબીલ, વિગેરે સરૈયાને ત્યાંને
૦)– ખારેક, કોપરૂં, દરાખ વીગેરે સુકો મેવો.
૦)– ખાંડ, સાકર.
ધોળું ને લાલ કપડું ગજગજ, લીલો મેવો, જમરૂખ, દા-
ડેમ, નારંગી, કેળાં, શેરડી વિગેરે.
સમીધો આંકડા વીગેરેની ને માલીનો સામાન.
ઉપલા કાર્યમાં ૧૪૬ આહુતી આપવી જોઇએ. તે ઉપલા
સેદાથી પરીપુર્ણ થાય છે.

લગ્નને દીવસે સોદો છોકરાવાળાને ત્યાંનું.

નાળીએર નંગ ૧ સોપારી શેર ૦॥ કંકુ સવાકાનું

લગ્નને દિવસે કન્યાને ત્યાં.

દહીં, ઘી, ગોળ.

શ્રીમંતનો સોદો.

નાળીએર નંગ ૧ સોપારી શેર ૦॥ કંકુ સવાકાનું ભાત,
પુંજાપો, ગુલાલ વીગેરે બેસવાકાનો
ઘઉં, અને ચોખા સેર સેર.

નાતરાનો સોદો.

સોપારી સેર ૦ાા	પાન સવાકાના
કંકુ સવાકાનું	સાકેર સેર ૦ા
નારૂં સવાકાનુ.	પુંજાપો સવાકાનો

લગ્નમાં માતા વાવે છે ત્યારે સોદો ગૃહસાંતીમાં લાવે છે તેમાંથી ચાલે છે ને નાળીએર નંગ ૪ અંકેચાર બીજા જોઇએ.

મરણ ક્રીયામાં દશાનો સોદો.

ચોખાનો લોટ સેર ૦ાા	સોપારી નંગ ૧૦
ફુલ વીગેરે	પાન નંગ ૧૦
તલ જવ સવાકાના	
ખારેક નંગ ૧૦	

અગીયારમાંનો સોદો.

નાળીએર નગ ૫	પાતી સવાકાની
સોપારી સેર ૧ા	ધાતટીચુંદડી કાળીગાંઠી સવાકાની
પાન નંગ ૫૦	ચોખા સેર ૧ા
નારૂ સવાકાનું	ઘઉં સેર ૧ા
પુજાપો સરૈયાનોએ સવાકાનો	મગ સેર ૧ા
ખારેક નંગ ૧૧	ચના સેર ૦ાા
કોપરૂ સવાકાનું	અડદ સેર ૦ાા
દ્રાક્ષ સવાકાની	ખીચડી સેર ૧
બદામ આખી સવાકાની	સેરડી નંગ ૧

કમર કાંકરી સવાકાની
ઘી સેર ૧
મીઢલ નંગ ૨
તલ સેર ૦।
જવ સેર ૦।
કાલા તલ સવાકાના
ખાંડ સેર ૦।
સાકેર સવાકાની
એલચી લવેંગ સવાકાના
ધોળો કકડોને રાતો કકડો
પંછીઉં એક
કેળા નંગ ૨
જમરૂખ નંગ ૨
ફુલપાંત્રી
ચોખાનો લોટ સેર ૧
અડદનો લોટ સેર ૦॥

બારમાનો સોદો.

લોટ સેર ૦॥
પાન નંગ ૧૨
પુલપાંત્રી
સોપારી નંગ ૧૨
ખારેક કેપરૂં સવકાનું
કેળા જમરૂખ

તેરમાનો સોદો ગોરણી સરાવે ત્યારે.

સોપારી નંગ ૧૩
પાન નંગ ૧૩
કેળુ નંગ ૧
ખારેક કોપરૂં સવાકાનું
ફુલપાંત્રી

ચોથીઆને સોદો.

સોપારી નંગ ૪
શેરડીના કકડા ૪
પાન નંગ ૪
કુલ્લી ૪
ખારેક કોપરૂં દરાખ સવાકાનું
કેળા નંગ ૪

વરસીનો સોદો.

સોપારી નંગ ૧૨
ચોખાનો લોટ
પાન નંગ ૧૨
ખારેક નંગ ૧૨
કાળી દરાખ સવાકાની

નારાયણબળીનો સોદો.

અગીઆરમાંમાં લખેલા ઉપરાંત નીચે પ્રમાણે.

કસલી ત્રાંબાની નંગ ૭
તરભાની ત્રાંબાની નંગ ૭
કાંસાની વાડકી નંગ ૨
મુરતી સોનાની નંગ ૨
મુરતી રૂપાની નંગ ૨
મુરતી ત્રાંબાની નંગ ૧
મુરતી લોઢાની નંગ ૧
મુરતી સીસાની નંગ ૧
શ્રધા મુજબ થાળી, લોટો વાડકો, મરદ અને સ્રીના લુગડાં, છત્રી, જોડા શ્રધા મુજબ.

ઉપર લખેલા કાયદાઓ શેઠ, પટેલો અને આખી ન્યાતના માણસો મળીને મુકરર કરી છપાવ્યા છે.

સુચના.

આપણે ક્ષત્રીવંશ છતાં પણ ફરશુરામના
કરીને પોતાની ક્ષત્રી જાતી છુપાવી ધંધા જુદા જુદા
ધંધાને અનુસરીને ફરશુરામને જાતી બતાવી મરણથી બ
તેથી કરીને આપણી ક્ષત્રીની જાતીના ધર્મ અને આચ
પણ તજી દીધાં અને શુદ્રાના આચરણો ગ્રહણ કરી
દુઃખની અવસ્થામાં આવી પડયાં. એ દુઃખની અવસ્થા
બચવાને માટે આપણે આપણા ક્ષત્રિના ધર્મ અ ર
ગૃહણ કરીએ તોજ મહાદુઃખની અવસ્થામાંથી બચીએ.

ભગવદ્ગીતાના અધ્યાય ત્રીજાના ૩૫ માં શ્લો
ભગવાને કહ્યું છે કે સ્વધર્મ છોડીને પરધર્મ આચરવો
અત્યંત દુઃખકારક છે અને સ્વધર્મને અનુસરીનેજ ચ
એ અત્યંત સુખકારક છે. માટે ક્ષત્રીધર્મના ક્રિયા
કરવા જરૂર વિચાર લેવો. એવા વિચાર નહિ કરવા કે
આપણે શીલ્પના કાર્ય કરીએ છીએ તેથી આપણે શુદ્રના
ક્રિયા કર્મ કરવા. કારણ કે કલીયુગને લીધે ધંધા તો દરેક
જાતીના ફેરફાર થઇ ગયા છે, તેથી ધંધા ઉપર વિચાર નહીં
કરતાં મુળ ક્ષત્રીની જાતિનાં ક્રિયા કર્મ કરવાં.

દાખલા તરીકે ધર્મશાસ્ત્રમાં કહે છે કે, બ્રાહ્મણ
થઇને ઘી, તેલ, મીઠું, દુધ, દહીં વીગેરે વેચે તો તે તરત
શુદ્ર થાય છે. છતાં પણ તેને શુદ્રના ધર્મક્રિયા કર્મ કરવા
યોગ્ય નથી. તેમજ તે શુદ્ર ગણાતા છતાં બ્રાહ્મણો તેને
પંક્તિ બહાર કરી શકતા નથી. એ વાત ધ્યાનમાં રાખી
આપણે આપણી મુળ ક્ષત્રીના ધર્મક્રિયા કર્મ અવશ્ય
કરવાં, ને તે કરવાને જરૂર મથન પાડવી, જેથી કરીને આ
લોક અને પરલોકમાં સુખની પ્રાપ્તિ [illegible]